# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-05-2025** | **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** | **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભુજમાં 53 હજાર કરોડથી વધુના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું - કચ્છને હરિત ઉર્જાનું સૌથી મોટું કેન્દ્ર ગણાવ્યું**
2. **પ્રધાનમંત્રીએ દાહોદમાં રેલવેના લોકોમોટિવ ઉત્પાદન પ્લાન્ટ સહિત 24 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.**
3. **પ્રધાનમંત્રી આવતીકાલે ગાંધીનગરમાં 5 હજાર 536 કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે**
4. **કડી અને વિસાવદર પેટાચૂંટણીમાં ભાજપે ચૂંટણી પ્રભારી, સંયોજક-સહસંયોજકની નિમણૂંક કરી**
5. **આવતીકાલે ઉત્તર અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદનું યલો એલર્ટ**

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM BHUJ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પાકિસ્તાન પર આકરા પ્રહારો કરતાં કહ્યું કે ભારત લોકોને જોડતા પર્યટનને પ્રોત્સાહન આપે છે, જ્યારે પાકિસ્તાન આતંકવાદને પર્યટન તરીકે ગણે છે. આજે સરહદી જિલ્લા કચ્છના ભુજમાં એક જાહેરસભા સંબોધતા, પ્રધાનમંત્રી મોદીએ પાકિસ્તાન પર પોતાના ફાયદા માટે તેના યુવાનોના ભવિષ્યનો નાશ કરવાનો આરોપ લગાવ્યો. પ્રધાનમંત્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે ઓપરેશન સિંદૂરથી આતંકવાદ સામે ભારતની શૂન્ય સહિષ્ણુતા નીતિ સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ ગઈ છે. ઓપરેશન સિંદૂરને માનવતાને બચાવવા અને આતંકવાદનો અંત લાવવાનું મિશન ગણાવતા તેમણે કહ્યું કે ભારતની લડાઈ સરહદ પારના આતંકવાદ સામે મજબૂતીથી લડાઈ છે, અને જે લોકો તેને પોષે છે તેઓ આપણા દુશ્મનો છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે પાકિસ્તાને ભારતીય નિર્દોષોને નિશાન બનાવ્યા, જેના માટે તેણે મોટી કિંમત ચૂકવી છે.

(બાઇટ: નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

શ્રી મોદીએ જણાવ્યું હતું કે ભારતે વિકાસ, શાંતિ અને સમૃદ્ધિનો માર્ગ પસંદ કર્યો છે. તેમણે છેલ્લા બે દાયકામાં કચ્છના પરિવર્તનની પ્રશંસા કરી અને 1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન કચ્છ રનવેને પુનઃસ્થાપિત કરનાર કચ્છની બહાદુર મહિલાઓને શ્રદ્ધાંજલિ આપી. ગુજરાતની મુલાકાતે આવેલા પીએમ મોદીએ આજે ભુજમાં 53 હજાર 400 કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. નવીનીકરણીય ઉર્જામાં કચ્છની પ્રગતિ પર પ્રકાશ પાડતા, શ્રી

**મોદીએ કહ્યું કે કચ્છ હરિત હાઇડ્રોજન અને સૌર ઉર્જાના વૈશ્વિક કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે.**

**(બાઇટ: નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)**

**શ્રી મોદીની ભુજ મુલાકાતને લઈને વધુ માહિતી આપી રહ્યા છે અમારા પ્રતિનિધિ..**

**(વોઇસ કાસ્ટ : હેમાંગ પટણી)**

----------------

# PM DAHOD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દાહોદમાં 24 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. શ્રી મોદીએ રેલવેના લોકોમોટિવ ઉત્પાદન પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું. શ્રી મોદીએ આ પ્લાન્ટમાં તૈયાર થયેલા ઇલેક્ટ્રિક લૉકોમોટિવને લીલીઝંડી બતાવી. આ પ્રસંગે જાહેરસભાને સંબોધતા જણાવ્યું કે ઇલેક્ટ્રીક એન્જિન ફેક્ટરી આજે ભારતની ઉત્પાદન ક્ષમતાનું પ્રતીક બની છે.

શ્રી મોદીએ જણાવ્યું કે ગુજરાત આજે શિક્ષણ, આઈટી, સેમીકન્ડક્ટર, પ્રવાસન જેવા તમામ ક્ષેત્રોમાં આગળ છે. તેમણે ઉમેર્યું કે આજે ભારતમાંથી રેલવેના ઉપકરણો, સ્માર્ટફોન, કાર, રમકડાં, સેના માટેના શસ્ત્રો, દવાઓ જેવી અનેક વસ્તુઓની નિકાસ થઇ રહી છે.

**(બાઇટ: નરેન્દ્ર મોદી – પ્રધાનમંત્રી)**

દરમિયાન, શ્રી મોદીએ સાબરમતી-વેરાવળ વંદે ભારત ટ્રેન અને દાહોદ-વલસાડ ઇન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન

કરાવ્યું જ્યારે ગોધરા-આણંદ વચ્ચે 78 કિમી લાબી રેલવે લાઇનના ડબલિંગનું લોકાર્પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે સાબરમતી - બોટાદ રેલવે લાઈનના વિદ્યુતકરણ સાથે રાજ્યમાં સો ટકા રેલ નેટવર્કનું વિદ્યુતકરણ કાર્ય પૂર્ણ થયું છે, એ ગુજરાત માટે ગૌરવની વાત છે. આ પ્રસંગે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ અગાઉ પ્રધાનમંત્રીએ વડોદરામાં રોડ શો યોજ્યો હતો.

---------------

## VANDE BHARAT TRAIN - PUBLIC REACTIONS

**આજે શરૂ થયેલી રેલવેની સુવિધાઓને સ્થાનિક મુસાફરોએ આવકારી પ્રધાનમંત્રીનો આભાર માન્યો હતો.**

**(બાઇટ: આશિત ભટ્ટ, સ્થાનિક મુસાફર)**

**સાબરમતી-વેરાવળ વંદે ભારત ટ્રેન શરૂ થતાં ગીર સોમનાથના મુસાફરોએ આ મુજબ પ્રતિક્રિયા આપી.**

**(બાઇટ: સ્થાનિક મુસાફર)**

**બોટાદ-સાબરમતી વિદ્યુત ટ્રેન શરૂ થતાં બોટાદ જિલ્લાના સ્થાનિકોએ પણ ખુશી વ્યક્ત કરી હતી.**

---------------

## PM GANDHINAGAR

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે 5 હજાર 536 કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ - ખાતમુહૂર્ત કરશે. જેમ નાગરિકોની આરોગ્ય સુખાકારી વધારતા અંદાજે 672 કરોડના આરોગ્ય પ્રકલ્પોની ભેટ મળશે. શ્રી મોદી અમદાવાદ સિવિલ મેડિસીટીમાં 588 કરોડના ખર્ચે નિર્માણ પામનાર 1800 બેડની હોસ્પિટલનું ઇ-ખાતમુહૂર્ત પણ કરશે. દરમિયાન શ્રી મોદી 84 કરોડના ખર્ચે તૈયાર થયેલ યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરના ગાંધીનગર ખાતેના સેટેલાઇટ સેન્ટરનું ઇ-લોકાર્પણ કરશે.**

**પ્રધાનમંત્રી રાજભવનથી મહાત્મા મંદિર સુધી રોડ શો પણ યોજશે.**

----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## BJP CO-ORDINATOR

કડી અને વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી સંદર્ભે ભારતીય જનતા પાર્ટીએ ચૂંટણી પ્રભારી અને ચૂંટણી સંયોજક-સહસંયોજકની નિમણૂક કરી છે. ભાજપની સત્તાવાર યાદી મુજબ કડી વિધાનસભા બેઠક માટે પ્રભારી તરીકે સુરેશ પટેલ અને દશરથજી ઠાકોરની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે સંયોજક તરીકે વિનોદ પટેલ અને સહસંયોજક તરીકે હિમાંશુ ખમારની નિમણૂક કરવામાં આવી છે.

જ્યારે વિસાવદર વિધાનસભા બેઠક માટે પ્રભારી તરીકે જયેશ રાદડિયા અને કમલેશ મીરાણી, સંયોજક તરીકે ભરત વડાલિયા, સહસંયોજક તરીકે નરેન્દ્ર કોટિલાને જવાબદારી સોંપવામાં આવી છે.

----------------

## Weather

હવામાન વિભાગે રાજ્યમાં આગામી 24 કલાક માટે ઓરેન્જ અલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરી છે, કાલથી પવનનું જોર વધશે.

રાજ્યમાં આજથી 29 મે સુધી છૂટો છવાયો વરસાદ રહી શકે છે. 60 kmph ની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે. આજથી 28 મે સુધી રાજ્યમાં ભારે વરસાદ રહી શકે છે. હાલમાં દક્ષિણ રાજસ્થાન ઉપર સર્ક્યુલેશન અને ટ્રફના કારણે વરસાદની સ્થિતિ સર્જાઈ છે. એ સિવાય માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. હવામાન વિભાગના નિયામક એ કે દાસે વધુમાં આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ - એ કે દાસે હવામાન વિભાગના નિયામક)

આવતીકાલે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, સહિત, દક્ષિણ ગુજરાતના તેમજ સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે.

દરમિયાન આજે આણંદ જિલ્લાના છુટાછવાયા વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો.

----------------

## CORONA-RUSHIKESH PATEL

રાજ્યમાં કોરોના કેસને લઈને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે લોકોને સાવચેતી રાખવા અનુરોધ કર્યો છે. તેમણે જણાવ્યું કે જ્યારે આવા લક્ષણો દેખાય ત્યારે ગભરાયા વિના હોમ આઇસોલેટ થઈ જવું.

**(બાઇટ: ઋષિકેશ પટેલ - આરોગ્ય મંત્રી)**

સમગ્ર દેશમાં કોરોના દર્દીઓની સંખ્યા એક હજારને વટાવી ગઈ છે. ત્યારે રાજ્યમાં કોરોનાના કેસનો આંકડો ૪૩ પહોંચ્યો છે.

----------------